નાહિયેર ગામે સ્વામિનારાયણ ગુરુકુળમાં તસ્કરોનો હાથફેરો

રોકડ સહિત કોમ્પ્યુટર અને લેપટોપની ચોરી થતાં ફરિયાદ

ભરૂચઃ આમોદના નાહિયેર ગામે આવેલ સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યામંદિરમાં રાત્રિના સમયે તસ્કરોએ ત્રાટકી રોકડ રકમની ચોરી કરી ફરાર થઈ ગયાની ઘટના સામે આવી છે. તસ્કરોએ શાળામાં પ્રવેશ કરી તોડફોડ મચાવી હતી અને રોકડ રકમ પર હાથ ફેરવ્યો હતો. આ ઉપરાંત તસ્કરોએ શાળામાં રહેલા કોમ્પ્યુટર, લેપટોપ અને પ્રિન્ટરને પણ નુકસાન પહોંચાડ્યું હતું.

ચોરીની ઘટનાને પગલે શાળા સંચાલકોમાં ચકચાર મચી ગઈ હતી. મહત્ત્વનું છે કે, સ્વામિનારાયણ ગુરુકુળ સંસ્થા સાથે જંબુસરના ધારાસભ્ય ડી.કે. સ્વામી સંકળાયેલા છે.

ઘટનાની જાણ થતાં પોલીસ સ્થળ પર પહોંચી હતી અને સમગ્ર મામલે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

સાંસદ મનસુખ વસાવા સરકારથી 'ખફા' જંગલ જમીન મુદ્દે પીએમને પત્ર લખ્યો

પોતાની સરકાર પર જ અતિક્રમણ અને ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપ

ભરૂચઃ ભરૂચના ભાજપના સાંસદ મનસુખ વસાવાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખીને જંગલની જમીન પર કથિત અતિક્રમણ અને વન વિભાગમાં ભ્રષ્ટાચાર અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે પોતાની સરકાર અને અધિકારીઓની કામગીરી પ્રત્યે અસંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

વસાવાએ પત્રમાં આરોપ લગાવ્યો હતો કે, સાગબારા વિસ્તારના આદિવાસી ખેડૂતોને વારંવાર મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને વનમંત્રીને રજૂઆત કરવા છતાં હેરાન કરવામાં આવી રહ્યા છે અને ન્યાય આપવાનો ઈનકાર કરવામાં આવી રહ્યો છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, અમારી સરકાર સાગબારાના આદિવાસી ખેડૂતોને હેરાન કરી રહી છે અને તેમને ન્યાય મળતો નથી. વરિષ્ઠ સરકારી અધિકારીઓને લેખિત રજૂઆતો કરવા છતાં, તેમના દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ પર કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. જપના સાંસદે આ મામલાની તપાસ માટે ઉચ્ચસ્તરીય તપાસ સમિતની રચના કરવાની માંગ કરી છે અને જવાબદાર લોકો સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની માંગ કરી છે. વસાવાએ આરોપ લગાવ્યો છે કે, ડેડિયાપાડા અને સાગબારા વિસ્તારોમાં, ચૈતર વસાવા, ગણેશ વસાવા અને અન્ય લોકોએ લગભગ 400થી 500 એકર જંગલ જમીન પર ગેરકાયદે રીતે ખેતી કરી છે.

તેમણે વધુમાં દાવો કર્યો હતો કે, સ્થાનિક રહેવાસીઓ અને ભૂતપૂર્વ સરપંચોએ વારંવાર ફરિયાદો સાથે વહીવટી તંત્રનો સંપર્ક કર્યો હતો, પરંતુ કથિત અતિક્રમણ રોકવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. સાંસદે એવો પણ આરોપ લગાવ્યો હતો કે, નર્મદા અને સુરત જિલ્લાના કેટલાક ભાગોમાં મોટી ટેકરીઓ પર વૃક્ષો કાપી નાંખવામાં આવ્યાં હતાં અને ત્યારબાદ જમીનને ખેતી હેઠળ લાવવામાં આવી હતી. તેમણે વધુમાં વૃક્ષારોપણ પ્રવૃત્તિઓના નામે કરોડો રૂપિયાની ગેરરીતિઓનો આરોપ લગાવ્યો હતો. પત્રમાં બીજો ગંભીર આરોપ એ હતો કે, ગુજરાતમાં રેન્જ ફોરેસ્ટ અધિકારીઓને સારી રેન્જમાં ટ્રાન્સફર મેળવવા માટે કથિત રીતે લાખો રૂપિયા ચૂકવવા પડે છે. વસાવાએ વડાપ્રધાનને કથિત ગેરરીતિઓની ઉચ્ચ સ્તરીય તપાસનો આદેશ આપવા અને કોઈપણ ગેરરીતિ માટે જવાબદારી નક્કી કરવા વિનંતી કરી છે.

ઓશિકા પાસેથી ફોન ગાયબ માલિકને ખબર પણ ના પડી!

અંકલેશ્વરમાં પરિવાર સૂતો રહ્યો ને ચોર કળા કરી ગયો

અંકલેશ્વરઃ અંકલેશ્વરના ઉમિયા નગર સોસાયટીના એક બંધ મકાનમાં અજાણ્યા તસ્કરોએ રાત્રિ દરમિયાન હાથફેરો કરી અંદાજે દોઢ લાખની મતાની ચોરીને અંજામ આપ્યો હતો.

અંકલેશ્વર શહેરના ઉમિયાનગરના મકાનમા રહેતા અને કટલરીનો ધંધો કરતા નિંદરામ સુકરામ ગોસાઈએ અંકલેશ્વર સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, ગત તા.૧૯/૯/૨૦૨૬ની રાત્રે અજાણ્યા ચોરે તેમના ઘરના દરવાજાની ગ્રીલ પર લગાવેલું તાળું કોઈ સાધન વડે ખોલી ઘરમાં પ્રવેશ કર્યો હતો. ઘરમાંથી એક આઈફોન-૧૪ પ્રો મોબાઈલ ફોન (અંદાજે રૂ.૫૦,૦૦૦), કાપડની થેલીમાં મૂકેલ રોકડા રૂ.૩૦,૦૦૦ તથા ઘરની બહાર પાર્ક કરેલી ટી.વી.એસ. રાઈડર મોટરસાઈકલ નં.(જીજે-૧૬-ઈ. એ.-૨૧૭૦) (અંદાજે રૂ.૭૦,૦૦૦) મળી કુલ અંદાજે રૂ.૧,૫૦,૦૦૦નો મુદ્દામાલ ચોરાઈ ગયો હતો. ફરિયાદ મુજબ ઘટનાના દિવસે રાત્રે પરિવાર સૂઈ ગયા બાદ વહેલી સવારે ચાર વાગ્યે ફરિયાદી જાગ્યા ત્યારે ઓશિકા પાસેનો મોબાઈલ, રોકડની થેલી અને પાર્ક કરેલ મોપેડ ગાયબ હતા. ઘરનો દરવાજો અને ગ્રીલ ખુલ્લી હતી તથા તાળું ખુલ્લી હાલતમાં મળ્યું હતું. આસપાસ તપાસ કરવા છતાં મુદ્દામાલ ન મળતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોતાની રીતે તપાસ કરતાં હોવાથી ફરિયાદમાં મોડું થયું હોવાનુ ફરિયાદીએ જણાવ્યું છે. અંકલેશ્વર સિટી પોલીસે અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગણેશ સુગર ફેક્ટરીને ઉગારવા તંત્ર અને ખેડૂતોનું 'સ્વીટ' ગઠબંધન

ચિંતન શિબિરમાં શેરડી પુરવઠો વધારવા અને સુગર ઉદ્યોગને જીવંત રાખવા ખેડૂતોને અપીલ

ભરૂચઃ ભરૂચ અને સુરત જિલ્લાના ખેડૂતો માટે કામધેનુ સમાન વટારિયાની શ્રી ગણેશ સુગર ફેક્ટરી દ્વારા વાલિયા ખાતે રંગ નવચેતન મહિલા કોલેજ ખાતે ખેડૂત ચિંતન શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં રાજ્ય ખાંડ નિયામક સુનીલકુમાર ચૌધરી તથા ભરૂચ જિલ્લા સહકારી રજિસ્ટ્રાર પરેશકુમાર કણકોટિયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ શિબિરનો મુખ્ય હેતુ ગણેશ સુગરમાં શેરડીનો પુરવઠો પૂરતા પ્રમાણમાં મળે અને શેરડી ઉત્પાદક ખેડૂતો તથા ખેતી આધારિત વિકલ્પરૂપ સુગર ઉદ્યોગનું હિત જળવાય તેવો હતો. આ શિબિરમાં ચર્ચા કરવામાં આવી હતી કે, દક્ષિણ ગુજરાતની સુગર ઉદ્યોગ માટે હાલમાં સૌથી મોટો પડકાર એ છે કે સુગર ફેક્ટરીને શેરડીનો પુરવઠો ખેડૂતોએ આપવા માટે હિમાયત કરવામાં આવી હતી.

આ અવસરે કસ્ટોડિયન ડિરેક્ટર નિપુલભાઈ પટેલે ચેરમેન મહેન્દ્રસિંહ મહિડા અને વાઈસ ચેરમેન યોગેન્દ્રસિંહ મહિડા સાથે સંસ્થાની પરિસ્થિતિ તથા કસ્ટોડિયન કમિટીના પારદર્શક વહીવટનો ચિતાર રજૂ કર્યો હતો. ખાંડ નિયામક અને જિલ્લા રજિસ્ટ્રારે ખેડૂતોને શેરડીનો પુરવઠો પૂરતો આપવા સાથે સરકાર તરફથી સંસ્થાના હિતમાં બનતી મદદ કરવા માટે ખાતરી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, સુગર ફેક્ટરીઓને જીવંત રાખવા માટે આપણે સૌ સાથે મળી પ્રયત્ન કરીએ. આ શિબિરમાં સંસ્થાના ચેરમેન મહેન્દ્રસિંહ મહિડા, વાઇસ ચેરમેન યોગેન્દ્રસિંહ મહિડા, ડિરેક્ટર નિપુલભાઈ પટેલ, ધર્મેન્દ્રસિંહ પરમાર, મહેન્દ્રભાઈ વસાવા, ચંદનભાઈ વસાવા, મુકેશભાઈ પટેલ, સંસ્થાના માજી ડિરેક્ટરઓ, ઇનચાર્જ મેનેજિંગ ડિરેક્ટર અમરસિંહ રણા સહિત અધિકારી-કર્મચારી ગણ, ખેડૂત આગેવાનો અને મોટી સંખ્યામાં ખેડૂત સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

અંકલેશ્વરમાં ૧૦ લાખની લૂંટ કેસમાં મુખ્ય સૂત્રધાર ઝડપાયો

અમદાવાદ સેન્ટ્રલ જેલમાં રહેલા લૂંટના મુખ્ય સૂત્રધાર રોજનીશ ગુમાનેની ટ્રાન્સફર વોરંટથી ધરપકડ

અંકલેશ્વરઃ અંકલેશ્વર જીઆઈડીસીમાં કારમાંથી રૂ.૧૦ લાખ રોકડ ભરેલી બેગની લૂંટના ચકચારી ગુનામાં પોલીસે વધુ એક આરોપીની ટ્રાન્સફર વોરંટથી ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે. આ સાથે ગુનાની તપાસમાં પોલીસને વધુ એક કડી મળી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગત તા.૭ ડિસેમ્બરના રોજ અંકલેશ્વરની જલદર્શન સોસાયટીમાં રહેતા અને શક્તિ એન્ટરપ્રાઇઝમાં એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતા ધવલ ભટ્ટ આર.કે.આંગડિયા પેઢીમાંથી રૂ.૧૦ લાખની રોકડ લઈ પોતાની કારમાં ઓફિસ તરફ જઈ રહ્યા હતા. દરમિયાન જીઆઈડીસી ઓફિસના ગેટ નજીક બાઈક પર સવાર ત્રણ ઈસમે તેમની કાર પાસે આવી અકસ્માત થયો હોવાનું કહી માથાકૂટ કરી હતી. દરમિયાન તકનો લાભ લઈ ઈસમોએ કારની ડ્રાઈવર સીટ પાસે મૂકેલી રૂ.૧૦ લાખ રોકડ ભરેલી બેગ નજર ચૂકવી ઉઠાવી લીધી હતી અને ત્યારબાદ બાઈક પર ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન અગાઉ ત્રણ આરોપીને ઝડપી પાડવામાં આવ્યા હતા.

દરમિયાન ગુનામાં સંડોવાયેલા પાટણ જિલ્લાના સિદ્ધપુર ખાતે રહેતા સૌરભ મનહર ધવડની પણ પોલીસે ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી. હવે આ કેસમાં અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે અમદાવાદ સેન્ટ્રલ જેલમાં રહેલા લૂંટના મુખ્ય સૂત્રધાર તરીકે તપાસમાં સામે આવેલા કુબેરનગરના રહેવાસી રોજનીશ ધર્મેન્દ્ર ગુમાનેની ટ્રાન્સફર વોરંટના આધારે અટકાયત કરી અંકલેશ્વર લાવી કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આરોપીની પૂછપરછ સહિતની કાર્યવાહી હાથ ધરી લૂંટની ઘટનામાં તેની ભૂમિકા અંગે વધુ તપાસ શરૂ કરી છે.

નવરાત્રિમાં 'રેન્ટ અ ગરબા પાર્ટનર'ના નામે હવે સાયબર ઠગાઈના પેંતરા

એકલા પડી જતા સિંગલ ખેલૈયાઓને નિશાન બનાવી ઠગાઈ



Rent A Garba Partner

This Navratri, don't dance alone!

SILVER (₹1000)
- two hours at garba
- matching outfits
- will teach you basic steps
- awkward but cute selfies

GOLD (₹1500)
- four hours at garba
- cute backstory on how we met
- matching outfits with you
- reels & photos for your insta
- call your friends "bhai" & "bhabhi" (optional)

PLATINUM (₹2000)
- all day garba
- I'll show you the best dance moves
- kiss your forehead after the garba
- help you with your duppatta & jhumkas
- get you home safe (or to the after-party ;))

ભરૂચઃ નવરાત્રિનો ઉત્સાહ અને રોમાંચ વચ્ચે સાયબર ઠગોએ નવો કીમિયો અપનાવ્યો છે. 'રેન્ટ અ ગરબા પાર્ટનર'ના નામે સોશિયલ મીડિયા પર વાઈરલ થતી પોસ્ટ્સ અને રીલ્સ દ્વારા એકલા પડી જતા સિંગલ ખેલૈયાઓની લાગણીઓને નિશાન બનાવી ઠગાઈ કરવામાં આવી રહી છે. ગરબાના તાલ મિલાવવાની ઘેલછામાં થોડી અસાવધાની રાખી તો નવરાત્રિના રંગમાં ભંગ પડી શકે એવી દહેશત છે.

છેલ્લા કેટલાક દિવસોથી સોશિયલ મીડિયાની ફીડમાં 'નવરાત્રિમાં ગરબા રમવા માટે મેલ-ફિમેલ પાર્ટનર રેન્ટ પર મળશે' તેવી પોસ્ટ્સ વાઈરલ થઈ રહી છે. જો તમે પણ આ લોભામણી જાહેરાતો જોઈને પાર્ટનર હાયર કરવાનું વિચારી રહ્યા હોવ, તો સાવધાન થઈ જવું જરૂરી છે. ભાડે પાર્ટનર શોધવાના ચક્કરમાં સાયબર ફ્રોડ કે અન્ય ગુનાનો શિકાર બની શકાય છે. આ બાબતને ગંભીરતાથી લઈને સાયબર ક્રાઈમ બ્રાન્ચ હરકતમાં આવી છે અને સોશિયલ મીડિયા પર આવી પોસ્ટ્સ તથા રીલ્સ પર કડક વોચ રાખી રહી છે. સાથે જ લોકો આ નવા સ્કેમનો ભોગ ન બને એ માટે તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. મેટ્રો સિટી સહિત અન્ય શહેરોમાં પણ યુઝર્સ દ્વારા આવી પોસ્ટ્સ શેર થતા તંત્રની નજર છે. જોકે, હજુ કોઈ સત્તાવાર ફરિયાદ નોંધાઈ નથી, છતાં સાયબર ગુનેગારો તહેવારો અને વાયરલ ટ્રેન્ડનો ફાયદો ઉઠાવીને છેતરપિંડીની નવી મોડસ ઓપરેન્ડી અપનાવતા હોય છે.

ફેક સોશિયલ મીડિયા પ્રોફાઈલ બનાવીને ગરબા પાર્ટનર આપવાના બહાને રૂપિયા પડાવવાની કે અજાણી વ્યક્તિ સાથે ગરબા રમવા જવાથી નાણાકીય તેમજ શારીરિક કે માનસિક મુશ્કેલીઓ ઊભી થવાની પૂરી શક્યતા રહેલી છે. આથી, નવરાત્રિ દરમિયાન સોશિયલ મીડિયા પર વાયરલ થતી આવી કોઈપણ ઓફર કે અજાણી વ્યક્તિની પ્રોફાઈલ પર વિશ્વાસ કરતાં પહેલા પૂરતી સાવચેતી રાખવી જરૂરી છે. ફ્રોડ લિંક એમ્બેડેડ હોય તો વોટ્સએપ હેક થઈ શકે છે અને બેંક એકાઉન્ટમાંથી રૂપિયા ઉપડી જવાનો ભય હોય છે. જો આવી શંકાસ્પદ લિંક કે પ્રવૃત્તિ ધ્યાનમાં આવે તો તુરંત જ પોલીસને જાણ કરવી જોઈએ.

ભરૂચમાં ૯.૬૪ ગ્રામ MD ડ્રગ્સ સાથે બે આરોપી ઝડપાયા

બી ડિવિઝન પોલીસની કાર્યવાહી, રૂ.૫૮,૯૨૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો

ભરૂચઃ ભરૂચ જિલ્લામાં નશીલા પદાર્થોનાં ખરીદ-વેચાણ અને હેરાફેરી સામે બી ડિવિઝન પોલીસે મોટી કાર્યવાહી હાથ ધરી છે. તાજેતરમાં અંકલેશ્વરમાં શંકાસ્પદ નશીલા પદાર્થના સેવનથી બે યુવાનનાં મોત બાદ પોલીસ એક્શન મોડમાં આવી છે.

૨૩ ઓગસ્ટના રોજ પી.આઈ. એન.કે.ડામોર અને સ્ટાફે મળેલી બાતમીના આધારે જૂની સિવિલ કોર્ટ, પારસીવાડ વિસ્તારમાંથી સોનેરી મહેલના રહેવાસી સાહિલ જાકિર મન્સુરી (ઉં.વ.૨૩)ને શંકાસ્પદ માદક પદાર્થ સાથે ઝડપ્યો હતો. એફ.એસ.એલ. ગાંધીનગરના રિપોર્ટમાં આ પદાર્થ મેફેડ્રોન (MD ડ્રગ્સ) હોવાનું સાબિત થતાં પોલીસે તેની વિરુદ્ધ NDPS એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. પૂછપરછ દરમિયાન સાહિલે આ જથ્થો લાલ બજારના સહેજાદ સરફરાજ વેલ્ડિંગવાળા પાસેથી મેળવ્યો હોવાની કબૂલાત કરતાં પોલીસે સહેજાદની પણ અટકાયત કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી ૯.૬૪ ગ્રામ એમડી ડ્રગ્સ (કિં.રૂ.૨૮,૯૨૦) અને રૂ.૩૦,૦૦૦નો મોબાઈલ મળી કુલ રૂ.૫૮,૯૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. બી ડિવિઝન પોલીસે ગુનો નોંધી આગળની તપાસ સી ડિવિઝન પોલીસને સોંપી છે. ડ્રગ્સનો આ જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો તે અંગે વધુ તપાસ ચાલી રહી છે.

સાયણમાં સગીરાનું અપહરણ

સાયણઃ સાયણ ટાઉનના ગોથાણ રોડ સ્થિત ભક્તિધારા કોમ્પ્લેક્સમાં મામા સાથે રહેતી ૧૬ વર્ષીય સગીરા ગત તા.૨૭ની મોડી રાત્રિથી સવારના પાંચ વાગ્યા દરમિયાન ઘરમાંથી ગુમ થઈ હતી.

વાયરિંગનું કામ કરતા મૂળ અયોધ્યાના મામાએ ભાણેજની શોધખોળ હાથ ધરી હતી, જેમાં તેને કોઈ અજાણ્યો શખ્સ વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી ગયો હોવાની આશંકા જાગી હતી. આ મામલે મામાએ મંગળવારે ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ પીઆઈ સી.આર.જાદવને સોંપી છે.

કેવો જુલમ? જમવા-કપડાં ધુએ તો પાણી વાપરવા મુદ્દે પરિણીતાને ટકોર

વાગરામાં પરિણીતાને ત્રાસ આપનારા સાસરિયા સામે ફરિયાદ

ભરૂચઃ વાગરામાં રહેતી એક પરિણીતાએ તેના પતિ, સાસુ, સસરા, જેઠ અને મામા સસરા વિરુદ્ધ દહેજ માંગણી, માનસિક અને શારીરિક હિંસાની ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ ફરિયાદીને મારઝૂડ કરી ઘરમાંથી કાઢી મૂક્યાની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં દાખલ થઈ છે.

મૂળ પિયર કેરવાડા ગામે પિતાના ઘરે રહેતી શાહિનાબાનુ રીયાઝઅલી બસીરમહમદ સૈયદ (ઉં.વ.25) અને તેના પતિ રીયાઝઅલી બસીરમહમદ સૈયદ વચ્ચે તા.19/5/2024ના રોજ સમાજની રીતરિવાજ મુજબ લગ્ન થયાં હતાં. લગ્ન બાદ તેણી સાસરીમાં રહેવા ગઈ હતી, પરંતુ લગ્નના પહેલા દિવસથી જ પતિએ અપશબ્દો બોલવાનું શરૂ કર્યું હતું. તેણીને પતિ અને સાસુ મુમતાઝ બસીરમહમદ સૈયદએ વારંવાર 'તારા બાપે લગ્નમાં શું આપ્યું છે?' તેમ કહી પૈસાની માંગણી કરી મહેણાંટોણાં માર્યાં હતાં. સાસુએ જમવાનું બરાબર ન બનાવવું, કપડાં ધુએ તો પાણી વાપરવાની ટકોર કરવી અને ઘરમાંથી પાણી ખાલી ન કરવાનું કહી માનસિક ત્રાસ આપ્યો હતો. જેઠ ઝાકીરઅલીએ પણ પતિને ફોન કરી તેણીને ઘરમાંથી કાઢી મૂકવાની ચઢામણી કરી હતી. તેણીના સસરા બસીર મહમદ અને મામા સસરા શબ્બીર મોહમદ સૈયદ (ટેલર) ચઢામણી કરતા હતા.

લગ્ન બાદ માત્ર 15 દિવસ સાસરીમાં રહ્યા બાદ તેને ઘરમાંથી કાઢી મૂકવામાં આવી હતી. વડીલોની મિટિંગ બાદ તા.11/7/2026ના રોજ ફરિયાદી પુનઃ સાસરીમાં રહેવા ગઈ હતી અને તા.14/7/2026ના રોજ રૂ.300ના સ્ટેમ્પ પેપર પર સમાધાન કરાર થયા હતા. તેમ છતાં આરોપીઓએ દહેજની માંગણી ચાલુ રાખી હતી. તેણીએ વધુમાં જણાવ્યું હતું કે, આરોપીઓએ છૂટાછેડાના કાગળો પર જબરજસ્તી સહી કરાવવા માટે લડાઈ-ઝઘડો કરી ગાળો બોલી મારઝૂડ કરી હતી. ફરિયાદીને ગર્ભાવસ્થા દરમિયાન પણ ધક્કા માર્યા હતા, જેને કારણે તેને હોસ્પિટલમાં સારવાર લેવી પડી હતી. આ મામલે ડોક્ટરે ગર્ભપાતની પુષ્ટિ કરી હતી. માનસિક ત્રાસ આપતાં ભરૂચ મહિલા પોલીસે પતિ, સાસુ, જેઠ, સસરા અને મામા સસરા સામે દહેજ પ્રતિબંધક ધારા હેઠળ ગુનો નોંધ્યો હતો.

ભરૂચમાં ખુલ્લામાં કચરો નાંખનારા પાસે દંડ વસૂલાયો

ભરૂચઃ ભરૂચ શહેરમાં જાહેર સ્થળો અને ખુલ્લી જગ્યાઓમાં કચરો નાંખી ગંદકી ફેલાવનારા સામે નગરપાલિકાએ કાર્યવાહી શરૂ કરી છે. મુખ્ય અધિકારી હરીશ અગ્રવાલ, સેનેટરી ચેરમેન જીગીસા પટેલ અને સેનેટરી ઈન્સ્પેક્ટરોની આગેવાનીમાં રાત્રે અલગ અલગ વિસ્તારોમાં ચેકિંગનું કામ હાથ ધરાયું હતું. ચેકિંગ વખતે જાહેર સ્થળોએ ખુલ્લામાં કચરો નાંખતા લોકોને રોકીને ત્યાં કચરો ન નાંખવા સમજાવવામાં આવ્યું હતું. નિયમો તોડવા બદલ આશરે 9 હજાર રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો. નગરપાલિકાએ લોકોને અપીલ કરી છે કે, તેઓ જાહેર સ્થળો કે ખુલ્લી જગ્યામાં કચરો ન નાંખે. શહેરને સ્વચ્છ અને સુંદર રાખવા માટે લોકોનો સહકાર જરૂરી છે. આગામી દિવસોમાં પણ ખુલ્લામાં કચરો નાંખનારા અને ગંદકી કરનારા સામે ચેકિંગ અને દંડની કાર્યવાહી ચાલુ રહેશે.

વાલોડમાં ઊંચું વ્યાજ ન આપતાં આધેડ પર વ્યાજખોરનો હુમલો

પૈસાની અવારનવાર ચૂકવણી કરવા છતાં કસ્બા ફળિયાના શખ્સે ચાર રસ્તા પાસે રોકી માર માર્યો

વાલોડઃ વાલોડ ગામે રહેતા આધેડે ગામના જ એક શખ્સ પાસેથી વ્યાજે રૂપિયા લીધા હતા. પરંતુ વ્યાજે પૈસા આપનાર શખ્સે ઊંચા વ્યાજની માંગણી કરતાં આધેડે પૈસા ન આપતાં તેને લોખંડની પટ્ટીથી તેમજ ઢીકમુક્કીનો માર મારતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ વાલોડ ખાતે ગણેશ ફળિયામાં રહેતા ધર્મેન્દ્રસિંહ જયમલસિંહ ઠાકોર (ઉં.વ.58) ખેતી કરી ગુજરાન ચલાવે છે. તેમને પૈસાની જરૂરિયાત ઊભી થતાં તેમણે વાલોડના કસ્બા ફળિયામાં રહેતા તારીક જાવેદભાઈ શેખ પાસેથી વ્યાજે પૈસા લીધા હતા. અને અવારનવાર વ્યાજની રકમ પણ ચૂકવતા હતા. ત્યારબાદ તારીક શેખે ધર્મેન્દ્ર ઠાકોર પાસે ઊંચા વ્યાજદરની માંગણી કરતાં ધર્મેન્દ્ર ઠાકોરે પૈસા આપ્યા ન હતા. જેથી તારીકે અવારનવાર પૈસાની ઉઘરાણી કરવાનું ચાલુ જ રાખ્યું હતું. 28 સપ્ટેમ્બરના રોજ ધર્મેન્દ્ર ઠાકોર વાલોડ ચાર રસ્તા નજીકથી પસાર થઈ રહ્યા હતા. એ સમયે તારિક શેખે તેમને રોકી પૈસાની માંગણી કરતાં આધેડે પૈસા ન આપતાં તારીક શેખ ઉશ્કેરાઈ ગયો હતો અને લોખંડની પટ્ટી વડે આધેડને પીઠના ભાગે સપાટા માર્યા હતા અને ઢીકમુક્કીનો માર મારી ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેથી ઈજાગ્રસ્ત આધેડે આ મામલે વાલોડ પોલીસ સ્ટેશનમા ફરિયાદ નોંધાવતાં પોલીસે તારીક શેખ વિરુદ્ધ ગુનો નોંધી આગળની વધુ કાર્યવાહી હાથ ધરી છે.

મહે.બારડોલીના પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં

ફોજદારી પરચુ.અરજી નં.૪૦૬/૨૦૨૬
વકીલશ્રી : એન.એચ.મોરી.

અરજદાર :- શારદાબેન હરીભાઈ ત્રિવેદી, ઉ.આ.વ.૮૫, ધંધો : નિવૃત, રહે : ભામૈયા, તા.બારડોલી, જી.સુરત.

|| વિરૂધ્ધ ||

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી, નગરપાલીકા બારડોલી, તા.બારડોલી, જિ.સુરત.

:: જાહેર નોટીસ ::

આથી આ જાહેર નોટીસ આપી જાણવવામાં આવે છે કે, ઉપરોકત કામના અરજદારે તેમના પુત્ર સંદિપભાઈ હરીભાઈ ત્રિવેદીનો જન્મ મોજે : બારડોલી, તા.બારડોલી, જિ.સુરત મુકામે તા.૦૪/૦૭/૧૯૬૯ ના રોજ થયેલ જેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી બારડોલી દફતરે કરવા તથા જન્મ અંગેનો દાખલો ઈસ્યુ કરવા આ હાલની અરજી કરેલ છે.

સદરહું આ બાબતે કોઈપણ વ્યકિતને વાંધો વિરોધ કે તકરાર હોય તો સદરહું કામની સુનવણી તારીખ : ૦૫ મી માંહે ઓકટોબર ૨૦૨૬ ના રોજની રાખવામાં આવેલ છે જેથી તે દિવસે જાતે અગર માહીતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચૂક હાજર રહેવા નોંધ લેશો જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજની તારીખ ૩૦/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર
આસીસ્ટન્ટ

મુકાબલ કરનાર
આસીસ્ટન્ટ

કોર્ટનો સિક્કો

હુકમથી
રજીસ્ટ્રાર
સીવીલ કોર્ટ,બારડોલી.

ટાઈટલ કલીયરનશ અંગેની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ તાપી, સબ ડીસ્ટ્રીકટ તાલુકા વ્યારાના મોજે ગામ:- વ્યારાના નગરપાલીકાના વિસ્તારમા આવેલ માળીવાડ મોહલ્લામાં આવેલ સ્થાવર કે જેનો વ્યારા નગરપાલીકા પર નંબર ૧૯૨ વોર્ડ નંબર -૦૩ વાળી સ્થાવર મિલકત તથા સીટી સર્વે નંબર ૨૩૦ વાળી સત્તા પ્રકાર - એ થી નોંધાયેલ તથા જાહેર થયેલ મિલકત જે જમીનનુ કુલ્લે ક્ષેત્રફળ ૭૮.૮૩ ચો.મી તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્ક, હીત, હિસ્સા સહીતની કુલ્લે દરોબસ્તા વાળી મિલકતના હાલના માલિક મુખત્યાર અને કબજેદાર તેજસ કીશોરચંદ્ર વાનખેડે, કેયૂર કીશોરચંદ્ર વાનખેડે તથા જીગનેશ કીશોરચંદ્ર વાનખેડે ચાલી આવેલ છે જેના કનેથી અમારા અસીલ તેજસ કીશોરચંદ્ર વાનખેડે તથા કેયૂર કીશોરચંદ્ર વાનખેડે સદરહુ મિલકત બિન અવેજી રીલીઝ દસ્તાવેજથી દસ્તાવેજ કરી લેવાનું નકકી કરેલ છે સદરહુ મિલકતના અગાઉના સ્વતંત્ર માલિક મુખત્યાર અને કબજેદાર મંદાકિનીબેન બાબુભાઈ સોની ની ચાલી આવેલ છે જેઓ કનેથી બિન અવેજી રીલીઝ દસ્તાવેજથી સદરહું મિલકત કીશોરચંદ્ર બાબુભાઈ સોનીને પ્રાપત થયેલ છે જેનો પાકા બિન અવેજી રીલીઝ દસ્તાવેજ નંબર ૧૮૬૩ તા. ૦૨.૧૧.૨૦૧૫ ના રોજ બિન અવેજી રીલીઝ દસ્તાવેજથી પ્રાપત થયેલ છે જે અસલ બિન અવેજી રીલીઝ દસ્તાવેજ તથા તેની રજીસ્ટ્રેશન રસીદ તથા ઈન્ડેક્ષ - ૨ અમારા અસીલથી શરત ચૂકથી ગુમ થય ગયેલ છે જે ઘણી શોધ ખોળ કરતા મળી આવેલ નથી જેથી સદરહું જણાવેલ ઉપરોકત અગાઉના અસલ વેચાણ દસ્તાવેજ તથા તેની રજીસ્ટ્રેશન રસીદ તથા ઈન્ડેક્ષ - ૨ બાબતે કોઈને કોઈ પણ પ્રકારનો વાંધો વિરોધ અવરોધ અટકાયત કે તર તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન -૭ માં લેખિત પુરાવા સહિત અમને જાણ કરવી અને પાછળથી કોઈના કોઈ પણ જાતના વાંધા ચાલશે નહી અને સદરહુ મિલકત ટાઈટલ કલીયર અંગેનુ સર્ટીફિકેટ આપવામા આવશે જેની આથી આ જાહેર નોટિસથી લાગતા વળગતાઓએ નોંધ લેવી.

રીંકલ ડી. સુતરીયા - એડવોકેટ
ઓફીસ એડરેસ:-૨૧૦, મેઘ રત્ન કોમ્પલેક્ષ, ત્રીજો માળ, કડીવાલા હોસ્પીટલની સામે, નાનપૂરા, સુરત.

Milano
MULTIPLEX
બારડોલી

The Vvaan
10:00am, 01:00pm, 4:00pm, 7:00pm, 10:00pm,

Avengers : engame encore
11:00am, 5:45pm,

The paradise
2:30pm, 6:00pm, 9:30pm,

Mitrata - Gujarati : 12:00pm

Hanuman Ansh : 3:00pm, 9:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્કઃ 98791 33333

મોજે મોતા, તા. બારડોલી, જી. સુરતની બ્લોક નં. ૧૦૧૧/બ નાં વેચાણ અંગેની જાહેર નોટીસ

મોજે મોતા, તા. બારડોલી, જી. સુરતની ખાતા નં. ૨૫૪૦, બ્લોક નં. ૧૦૧૧/બ જેનું ક્ષેત્રફળ ૦હે-૪૬આરે-૨૦ચોમી જેનો આકાર રૂા. ૯.૭૫ પૈસાવાળી ખેતી વિષયક જમીન ઉષાબેન તે ડાહયાભાઈ કુંવરજીભાઈ પટેલની વિધવા, જીતેન્દ્રભાઈ ડાહયાભાઈ પટેલ તથા કૌશિકભાઈ ડાહયાભાઈ પટેલ નાઓની સંયુક્ત કાયદેસરનાં માલિકી તેમજ કબજા, ભોગવટામાં ચાલી આવેલી મિલકત ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી હમારા અસીલશ્રીનાઓને કિંમતી વેચાણ અવેજ લઈ વેચાણ આપવાનું નક્કી કરેલ છે. તે સંજોગોમાં આ જાહેર નોટીસ થકી જાહેર જનતાને જણાવવાનું કે, મજકુર મિલકત અંગે કોઈ પણ ઈસમનો કોઈ પણ રીતે કે પ્રકારે કે બેંકનો લિયન કે બોજો કે લોન હોય તેમજ મજકુર મિલકત અંગે કોઈ પણ રીતે કે પ્રકારે લાગ, ભાગ, હકક હિસ્સો કે ભરણ પોષણનાં હકક, હિસ્સા હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં દિન-૭ માં તમામ દસ્તાવેજી પુરાવા સાથે રૂબરૂમાં હમોને જાણ કરવી. જો તેમ કરવામાં લાગતા-વળગતા ઈસમ કસુર કરશે તો સમયમર્યાદા બાદ આવેલા કોઈ પણ પ્રકારનાં દાવા તેમજ હકકોને જતા કરેલા યાને સરન્ડર કરેલા ગણવામાં આવશે અને તેવા દાવા હકકોને ધ્યાને લેવાશે નહી. જે અંગે હમારા અસીલશ્રીઓની કોઈ જવાબદારી ઉપસ્થિત થશે નહી. સમયમર્યાદા બાદ આ નોટીસમાં જણાવેલ મિલકતને હમારા અસીલશ્રી મનચાહે તે રીતે નિકાલ કરશે તેમજ ઈચ્છા ધરાવનાર વ્યકિતને કિંમતી અવેજ લઈ પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપી મિલકતનો પ્રત્યક્ષ અને શાંત કબજો સુપરત કરશે. જેની આ જાહેર નોટીસ થકી જાહેર જનતાએ નોંધ લેશોજી.

હમારી સુચનાથી

રહે.: સી/૩૬, નવદુર્ગા સોસાયટી,
જે. એમ. પટેલ. હાઈસ્કુલ પાછળ
બારડોલી-૩૯૪૬૦૧ તા. બારડોલી, જી. સુરત
ફોન નં. ૯૯૦૯૮ ૮૮૧૫૯

હમારી મારફતે
કેતન જી. મિસ્ત્રી
એડવોકેટ